ડીએમાં આગામી મહિનામાં ૧૦ ટકાનો વધારો

નવી દિલ્હી,તા. ૪

સરકાર આગામી મહિનામાં ૧૦ટકા ડીએ વધારાની જાહેરાત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. મળેલી માહિતી મુજબ સપ્ટેમ્બર મહિનામાં સરકાર મોંઘવારી ભથ્થામાં ૧૦ ટકાનો વધારો કરશે. પ્રવર્તમાન ૮૦ ટકાથી વધારીને મોંઘવારી ભત્થાને ૯૦ટકા કરવામાં આવશે. આનાથી ૫૦ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૩૦ લાખ પેન્સનરોને સીધી રીતે ફાયદો થશે. તહેવારની સિઝન પહેલા મોંઘવારી ભથ્થામાં વધારો કરવાની જાહેરાતની યોજના બનાવવામાં આવી રહી છે. સત્તાવાર સુત્રોના જણાવ્યા મુજબ પ્રાથમિક મુલ્યાંકનો બાદ જાણવા મળી રહ્યું છે કે,મોંઘવારી ભથ્થામાં વધારો ૧૦થી ૧૧ ટકાની રેન્જમાં રહેશે. આ વર્ષે જુલાઈથી આને અમલી બનાવવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, વાસ્તવિક આંકડો ઓલ ઈન્ડીયા કન્ઝયુમર પ્રાઈઝ ઈન્ડેક્ષનો આંકડો જારી કરવામાં આવ્યા બાદ ગણતરી કરવામાં આવશે. જુનના મહીના માટે સીપીઆઈ-આઈડબલ્યુના આંકડા જારી કરવામાં આવનાર છે. આ

આંકડા જારી કરવામાં આવ્યા બાદ જ મોંઘવારી ભથ્થાનો આંકડો સુધારવામાં આવશે.

૩૧મી જુલાઈના દિવસે સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છેકે, જુનના મહિના માટે ફેક્ટરી વર્કરો માટે રિટેલ ફુગાવો ૧૧.૦૬ ટકા હતો. જે આ વર્ષે મે મહિનામાં ૧૦.૬૮ ટકા ઉંચો છે. ૧૦ટકાની આસપાસની મોંઘવારી ભથ્થામાં વધારો રહેશે તેવી ગણતરી થઈ રહી છે. આ ઉપરાંત સરકારે મુડભૂત પગારની સાથે ભથ્થાના ૫૦ટકાને મર્જ કરવાની વાત પણ થઈ રહી છે. પ્રથા મુજબ જ્યારે આંકડો ૫૦ટકાથી ઉપર પહોંચે છે ત્યારે મુડભૂત પગાર સાથે ડીએ મર્જ કરવામાં આવે છે. ડીએ મર્જ થવાની સ્થિતિમાં કર્મચારીઓને ફાયદો થાય છે. કારણકે, તેમના અન્ય ભથ્થાઓની ચુકવણી મૂળભુત પગારના આધાર પર કરવામાં આવે છે. જાણકાર લોકોનું કહેવુ છે કે, મોંઘવારી ભથ્થામાં આ વધારો વધી રહેલા ખર્ચની સરખામણીમાં યોગ્ય છે. ૧લી જાન્યુઆરી ૨૦૧૧ બાદથી ખર્ચમાં ૧૭૧ ટકાનો વધારો થઈ ચુક્યો છે. ત્રણ વર્ષ બાદ ડીએમાં બે આંકડાનો વધારો કરાશે. સપ્ટેમ્બર ૨૦૧૦માં છેલ્લે સરકારે બે આંકડામાં ડીએમાં વધારો કર્યો હતો અને ૧૦લી જુલાઈ ૨૦૧૦થી આને અમલી બનાવ્યો હતો. એપ્રિલ ૨૦૧૩માં ડીએને ૭૨થી વધારીને ૮૦ટકા કરાયો હતો.

રિટર્ન દાખલ કરવાની આજે છેલ્લી તારીખ રહેશે

આઈટી રિટર્નના ઈફાઈલીંગનો આંકડો એક કરોડથી વધારે

નવી દિલ્હી,તા. ૪

ઇન્કમટેક્સ રિટર્નની ઇફાઇલીંગનો આંકડો એક કરોડના આંકડાને પાર કરી ગયો છે. પગારદાર કરદાતાઓ દ્વારા આ પ્રકારની ઇફાઇલીંગની પ્રક્રિયા સૌથી વધુ હાથ ધરી છે. સેન્ટ્રલ પ્રોસેસીંગ સેન્ટ્રલ (સીપીસી) દ્વારા જારી કરવામાં આવેલા નવા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. બેંગ્લોરમાં સ્થિત આઈટી વિભાગના સીપીસી દ્વારા જારી કરાયેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ૩૧મી જુલાઈ સુધી કરદાતાઓ દ્વારા દાખલ કરવામાં આવેલા ઇ રિટર્નનો આંકડો ૧૦૩૨૧૭૭૫ કરોડ સુધી પહોંચી ગયો છે જે નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન દાખલ કરવામાં આવલા બે કરોડના ઇફાઇલીંગના આંકડા કરતા થોડોક ઓછો આંકડો છે. આવકવેરા વિભાગની એડમીનીસ્ટ્રેટીવ ઓથોરિટી સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (સીબીડીટી) દ્વારા તાજેતરમાં જ મેન્યુઅલી અને ઇફાઇલીંગ બંને મારફતે આઈટી રિટર્ન કરવા માટેની છેલ્લી તારીખ વધારીને પમી ઓગસ્ટ કરી દીધી હતી. હવે આવતીકાલ સુધી આવકવેરા રિટર્ન ભરી શકાશે. પ્રાપ્ત અહેવાલ મુજબ ઇન્ટરનેટ મારફતે ૩૧મી જુલાઈ સુધી તેમના રિટર્ન દાખલ કરી ચૂકેલા પગાદરા વર્ગ હેઠળ લોકોની સંખ્યા ૫૭૮૧૨૫૨ છે. ઇન્ટરનેટ મારફતે રિટર્ન દાખલ કરવાનો ક્રેઝ હાલમાં વધ્યો છે. ગયા વર્ષે આ જ ગાળા દરમિયાન ઇન્ટરનેટ દ્વારા પગારદાર કરદાતાઓનો આંકડો ૬૪ લાખનો હતો. ઓનલાઈન રિટર્ન કરદાતાઓ દાખલ કરે તેને પ્રોત્સાહન આપવા માટે આવકવેરા વિભાગ અને સીબીડીટી દ્વારા ઘણા પગલાં લેવામાં આવ્યા છે. આઈટીના એક અધિકારીએ કહ્યું છે કે આ આંકડો આવતીકાલ સુધી તીવ્ર રીતે વધી શકે છે.

સંસદનું મોનસૂન સત્ર આજથી શરૂ

નવી દિલ્હી, તા. ૪

તેલંગણાની રચના કરવાના નિર્ણયને લઈને આસામમાં ભડકી ઉઠેલી હિંસા, તીવ્ર મોંઘવારી, નબળી આર્થિક સ્થિતિ વચ્ચે આવતીકાલથી સંસદનું મોનસૂન સત્ર શરૂ થઈ રહ્યું છે. મોનસૂન સત્ર ખૂબ જ તોફાની બને તેવી સંભાવના છે. ભાજપ અને અન્ય વિરોધ પક્ષોએ જુદા જુદા વિષય ઉપર સરકાર ઉપર દબાણ લાવવાની તૈયારી કરી લીધી છે. ભાજપે સરકારને ભીસમાં લેવા આક્રમક વ્યૂહરચના ઘડી કાઢી છે. બીજી બાજુ યુપીએ સરકાર પણ વિરોધ પક્ષોનો સામનો કરવા માટે તેની રણનીતિ તૈયાર કરી ચૂકી છે. યુપીએ સરકાર માટે સંસદનું મોનસૂન સત્ર ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. સર્વપક્ષીય મિટીંગનું આયોજન પણ સંસદમાં ગઈકાલે કરવામાં આવ્યું હતું જેનો મુખ્ય હેતુ સંસદની કામગીરી મોનસૂન સત્ર દરમિયાન ખોરવાઈ ન જાય તેની ખાતરી કરવાનો હતો. યુપીએ સરકાર મોનસૂન સત્ર માટે કેટલાક મહત્વપૂર્ણ બિલને રજૂ કરવાની તૈયારી કરી ચૂકી છે. સરકારનું કહેવું છે કે સંસદની કામગીરી ખોરવાઈ જવાની સ્થિતિમાં ઘણા બિલ અને વટહુકમ આડે અચડણો ઊભી થશે. ફરજિયાત પ્રશ્ન કલાક, ઝીરો અવર અને ખાનગી બિલો માટે ખૂબ ઓછો સમય રહેશે. યુપીએ પાસે મર્યાદિત સમય છે. આ સમયમાં ભારે ચર્ચા જગાવનાર ફૂડ સિક્યુરિટી બિલ સહિત ૪૪ બિલ પસાર કરવાની જવાબદારી રહેશે. સરકાર પાંચ મહત્વપૂર્ણ બિલને મંજૂરી આપવા ઇચ્છે છે જે નેશનલ ફૂડ સિક્યુરિટી વટહુકમ, ઇન્ડિયન મેડીકલ કાઉન્સીલ વટહુકમ, સિક્યુરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા સુધારા વટહુકમ, રિએડજેસ્ટમેન્ટ ઓફ રિપ્રેઝનટેશન ઓફ સેડ્યુલકાસ્ટ વટહુકમ, સિક્યુરિટીઝ લો સુધારા વટહુકમની જગ્યાએ રજૂ કરવામાં આવનાર છે. આ બિલને પાસ કરવા માટે સરકાર કમર કસી ચૂકી છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૩-૧૪ માટે ગ્રાન્ટ માટેની પૂરક માંગણી અંગે ફાઈનાન્સ બિલનો સમાવેશ થાય છે. સૂત્રોનું કહેવું છે કે સરકાર માટે ઘણા વિષય છે જે તેમને મુશ્કેલીમાં મૂકશે. તાજેતરમાં જ દેશના ઘણા ભાગોમાં આતંકવાદી હુમલાઓ વધી ગયા છે. બિહારમાં બોધગયા ખાતે

મહાબોધી મંદિરમાં સિરિયલ બ્લાસ્ટ, જમ્મુ કાશ્મીરમાં વધી ગયેલી ઘૂસણખોરી, દોષિત પ્રધાનો અને સાંસદો અંગે સુપ્રીમ કોર્ટના કઠોર આદેશ, અલગ તેલંગાણા રાજયની રચનાના નિર્ણય, આતંકવાદી હિંસા, તીવ્ર મોંઘવારી, પેટ્રોલ ડીઝલના વધતાં ભાવ, અર્થતંત્રની નબળી સ્થિતિ સહિતના મુદ્દાઓ પણ યુપીએ સરકારને મુશ્કેલીમાં મૂકી શકે છે. અલગ તેલંગાણાની રચના સાથે સંબંધિત બિલને લઈને મુદ્દો ભારે ગરમ બની શકે છે. મોનસૂન સેશન તોફાની બનાવાના સ્પષ્ટ સંકેત દેખાઈ રહ્યા છે. વડાપ્રધાન મનમોહનસિંહે ગઈકાલે આશા વ્યક્ત કરી હતી કે મોનસૂન સત્ર શાંતિપૂર્ણ રીતે ચાલશે અને મહત્વપૂર્ણ રીતે બિલને મંજૂરી મળી જશે. વડાપ્રધાને ફૂડસિક્યુરિટી બિલના પસાર મામલે સહકાર આપવા વિરોધ પક્ષોને અપીલ કરી હતી. ગઈકાલે સર્વપક્ષિય મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે સરકાર તમામ મુદ્દાઓ ઉપર ચર્ચા કરવા તૈયાર છે. તમામ સભ્યોની ચિંતાને ધ્યાનમાં લેવામાં આવશે. સર્વપક્ષીય મિટીંગમાં વિરોધ પક્ષોએ આર્થિક કટોકટી, ઉત્તરાખંડની હોનારતના મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ હતી. મોનસૂન સત્ર દરમિયાન જુદા જુદા વિષયો ઉપર ચર્ચા કરવા પણ વિરોધ પક્ષે તૈયારી કરી છે. આવતીકાલથી શરૂ થતું સંસદનું મોનસૂન સત્ર ઘણા બધા એજન્ડા ધરાવે છે. આ સત્ર ૩૦મી ઓગસ્ટ સુધી ચાલશે.

ડિઝલની કિંમતમાં વધુ વધારો કરવાનુ આયોજન પંચનુ સુચન

નવી દિલ્હી,તા. ૪

પેટ્રોલની કિંમતમાં ફરી એકવાર વધારો કરવામાં આવનાર છે. આના માટેની તૈયારી પણ કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. બીજી બાજુ સોના પર કસ્ટમ ડ્યુટીમાં વધારો કરવામાં આવે તેવી વકી છે. આયોજન પંચની ભલામણોને જો સ્વીકારી લેવામાં આવશે તો ડિઝલની છુટક કિંમતમાં વધારો કરવામાં આવશે. આ ઉપરાંત સોના પર કસ્ટમ ડ્યુટીમાં પણ વધારો કરવામાં આવશે. આયોજન પંચે તાજેતરમાં લેવામાં આવેલા પગલાની સમીક્ષા કરવા અને તેમાં અભ્યાસ કરવા માટે સરકારને ભલામણ કરી છે. વર્ષ ૨૦૧૩-૧૪માં વર્તમાન ખાતાકીય ખાદ્યને લઈને સરકાર ખુબ ગંભીર બનેલી છે. સીએડીને લઈને અનેક ચિંતા સતાવી રહી છે. આને કાબુમાં લેવા માટે તમામ પગલા લેવામાંઆવી રહ્યા છે. પંચના ચેરમેન વડાપ્રધાન મનમોહનસિંહને કરવામાં આવેલી રજૂઆતમાં પેનલે સુચન કર્યું છે કે સોનાની આયાત પર આઠ ટકાની ડ્યુટીને ત્રણથી છ મહિનાના ગાળામાં વધારવામાં આવે તે જરૂરી છે. આયોજન પંચે એવુ પણ સુચન કર્યું છે કે સરકાર દ્વારા કસ્ટમ ડ્યુટીમાં વધારો કરતા પહેલા સોનાની આયાત અંગે હાલમાં લેવામાં આવેલા પગલાની અસરમાં અભ્યાસ કરવામાં આવે. પંચે એવુ પણ સુચન કર્યું છે કે આયાતી સોના પર વધારે આધાર રાખવાની પ્રથાને ઘટાડવા માટે ગોલ્ડ ડિપોઝીટ સ્કીમને વધારે આકર્ષક બનાવા માટે આરબીઆઈને સુચના આપવામાં આવે. આયોજન પંચે શ્રેણીબદ્ધ નવા સુચનો કર્યા છે. જેમાં માંગને અંકુશમાં રાખવા માટે ડિઝલની કિંમતમાં લીટરદીઠ બે અથવા તો ત્રણ રૂપિયાનો વધારો કરવા માટે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને સુચના આપવાની માંગનો સમાવેશ થાય છે. ગયા મહિનામાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ડિઝલની કિંમતમાં લીટરદીઠ ૫૦ પૈસાનો વધારો કર્યો હતો. નુકસાનની ભરપાઈ ન થાય ત્યા સુધી ઓઈલ માર્કેટિંગ કંપનીઓને હાલમાં ૫૦ પૈસાનો વધારો કરવા માટેની મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદથી અંડર રિકવરી લીટરદીઠ ૯.૨૯ રહી છે. સરકારે થોડાક સમય પહેલા સોના પર કસ્ટમ ડ્યુટીને છ ટકાથી વધારીને આઠ ટકા કરી હતી.

નોકરીની જગ્યાઓ પર જાતિય સતામણી કરનાર સામે તવાઈ

નવી દિલ્હી,તા. ૪

નોકરીની જગ્યાએ કોઈ મહિલાની સાથે જાતિય સતામણી ખુબ ભારે પડી શકે છે. સેકશુઅલ હરાસમેન્ટ એટ વર્કપ્લેસ (પ્રિવેન્સન્સ, પ્રોહિબિશન એન્ડ રીડ્રેસલ) એક્ટને પહેલા કરતા વધારે કઠોર બનાવી દેવામાં આવતા આવી પ્રવૃતિઓમાં સામેલ રહેતા લોકો પર તવાઈ આવશે. આના હેઠળ દોષિતને સમગ્ર વર્ષ દરમિયાન દર મહિને પોતાના પગારમાંથી ઓછામાં ઓછા ૧૦ ટકા રકમ કપાવી પડશે.દોષિત વ્યક્તિના પ્રમોશન રોકાઈ જશે. તેને મળતી સુવિધાઓ અને વિશેષાધિકારને ખતમ કરવામાં આવી શકે છે. સંસદમાં હાલમાં પસાર કરવામાં આવેલા કાયદામાં આવી કઠોર જોગવાઈ કરવામાં આવી છે. આવા મામલામાં તપાસ કરનાર સમિતીને અનેક અધિકારો રહેશે. દોષિત વ્યક્તિ બહારના રહેશે તો તેના પર વર્ક પ્લેસમાં જવા પર પ્રતિબંધ મુકાશે. આ નિયમોનો મુસદ્દો મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા મોકલવામાં આવ્યો હતો. આ જોગવાઈ પર કાયદા મંત્રાલય દ્વારા લીલીઝંડી આપી દેવામાં આવી છે. ઓગષ્ટ મહિનામાં જ મોડેથી આ નિયમો લાગુ થઈ જશે.

દેશમાં ઓફિસોની અંદર જાતિય ગુનાઓ કરનારને હવે નોકરી ગુમાવવા સુધીના પગલાંનો સામનો કરવો પડશે. કાયદા હેઠળ રચવામાં આવનાર ફરિયાદ સમીતિ ઘણાંબધા પગલાં લઈ શકશે. લેખિતમાં માફી માગવા, કોઈપણ પ્રકારના પ્રમોશનને રોકવા, પગાર વધારાને રોકવા જેવી બાબતોમાં પગલાં લઈ શકશે. નોકરીમાંથી કાઢી મૂકવા સુધીના પગલાં પણ લઈ શકાશે. આ કમિટી પાસે કોઈપણ લાઈસન્સને રદ કરવા અથવા તો રજિસ્ટ્રેશનને રદ કરવાની પણ સત્તા રહેશે. જો તબીબ અથવા વકીલ જાતિય સતામણીમાં દોષિત હશે તો તેમના લાઈસન્સ અથવા રજિસ્ટ્રેશનને રદ કરવામાં આવશે. એક વર્ષના ગાળા સુધી દર મહિને પગારમાં ૧૦ ટકા સુધીનો કાપ પણ મૂકવાની જોગવાઈ કરવામાં આવી છે. જાતિય સતામણી કાયદો જે એપ્રિલમાં અમલી બન્યો હતો તે શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, નિવાસ સ્થાન સહિત તમામ જગ્યાઓએ લાગુ પડશે. ઓર્ગેનાઈઝ અને બિનઓર્ગેનાઈઝ્ડ કામની જગ્યા ઉપર આ કાયદો લાગુ થશે.

ભાજપ ચીનની ઘૂસણખોરી, અન્ય મુદ્દાને ઉઠાવવા સજ્જ

નવી દિલ્હી,તા. ૪

સંસદનું મોનસૂન સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે ત્યારે મુખ્ય વિરોધપક્ષ ભાજપે સરકારને ભીસમાં લેવા માટે જુદા જુદા વિષયો તૈયાર કરી લીધા છે. લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે સંકેત આપ્યો છે કે ભાજપે ચર્ચા માટે તમામ મુદ્દાઓની એક યાદી તૈયાર કરી લીધી છે. સુષ્મા સ્વરાજે કહ્યું છે કે ભાજપે મોનસૂન સત્ર દરમિયાન ઉત્તરાખંડમાં કુદરતી હોનારત, ડોલર સામે રૂપિયામાં કડાકો, એફડીઆઈ ધારાધોરણ, સીબીઆઈ અને આઈબી વચ્ચે ખેંચતાણ અને ચીની ઘૂસણખોરી સહિતના મુદ્દાઓ ઉઠાવશે અને આ અંગે વડાપ્રધાન મનમોહનસિંહ પાસેથી ખુલાસો માગવામાં આવશે. સત્ર દરમિયાન શાંતિ જાળવી રાખવાના પ્રયાસો પણ કરાશે.

દુર્ગા પ્રકરણ મામલે યુપી સરકારને હેવાલ આપવા માટેનો હુકમ

યમુના નદીના કિનારે મોટા પાયે સક્રિય થયેલા જમીન માફિયા સામે જોરદાર અભિયાન ચલાવનાર આઇએએસ અધિકારી દુર્ગા શક્તિ નાગપાલના સસ્પેન્સનના મામલે હવે યુપીએ સરકારે ઉત્તરપ્રદેશ સરકાર પાસેથી અહેવાલની માંગ કરી છે. આવનાર દિવસોમાં આ મામલો વધારે ચર્ચા જગાવે તેવી શક્યતા છે. વડાપ્રધાન મનમોહનસિંહને પત્ર લખીને સમગ્ર મામલે દરમિયાનગીરી કરવા અને દુર્ગાને કોઇ અન્યાય ન થાય તેની ખાતરી કરવા કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ અપીલ કર્યા બાદ યુપીએ સરકાર સક્રિય થઇ ગઇ છે અને આદેશની માંગ કરી છે. સોનિયા ગાંધીએ એવો મત વ્યક્ત કર્યો હતો કે વર્ષ ૨૦૧૦ની બેંચના અધિકારી દુર્ગા શક્તિ નાગપાલ સાથે યોગ્ય વર્તન કરાયું નથી. સોનિયા ગાંધીએ ગઇકાલે પત્ર લખ્યા બાદથી જ સમાજવાદી પાર્ટીના સભ્યો ભારે નારાજ દેખાઇ રહ્યા હતા. વડાપ્રધાન મનમોહનસિંહ આઇએએસ કેડરના વહીવટી મામલાઓ માટે નોડલ વિભાગની જવાબદારી હાલમાં વડાપ્રધાન સિંહ પાસે છે. વડાપ્રધાનને લખવામાં આવેલા પત્રમાં સોનિયા ગાંધીએ કહ્યું હતું કે અમને એવી ખાતરી કરવી જોઇએ કે અધિકારીને કોઇ અન્યાય ન થાય. ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગે આ મામલામાં ઉતાવળ કરી છે અને ૨૮ વર્ષીય નાગપાલના સસ્પેન્સન અંગે અહેવાલ આપતા ઉત્તરપ્રદેશ સરકારને જાણ કરી છે.

આસામમાં દેખો ત્યાંથી ઠાર કરોના આદેશ આખરે જારી

ગુહાટી,તા. ૪

તેલંગાણાની રચના કરવાનો નિર્ણય કર્યા બાદ હવે અલગ બોડોલેન્ડની માંગણીને લઈને આસામમાં પણ જોરદાર હિંસાનો દોર શરૂ થઈ ચૂક્યો છે. સતત પાંચમાં દિવસે સ્થિતિ આજે ખૂબ જ વિસ્ફોટક રહી હતી. આસામના કારબીએંગલોગ જિલ્લામાં પરિસ્થિતિ વિસ્ફોટક બની જતાં હવે દેખો ત્યાંથી ઠાર કરવાના આદેશ જારી કરાયા છે. આસામના મુખ્યમંત્રી તરુણ ગોગોઈએ રાજ્યના વિભાજનનો સાફ ઇન્કાર કર્યા બાદ કારબીએંગલોગ જિલ્લામાં પરિસ્થિતિ વણસી ગઈ છે. સતત પાંચ દિવસથી ચાલી રહેલી હિંસાના કારણે એકનું મોત થઈ ચૂક્યું છે અને સંપત્તિને વ્યાપક નુકસાન થઈ ચૂક્યું છે. કારબીએંગલોગ અને બોડોલેન્ડના અલગ રાજ્યો માટેની માંગણીને લઈને આસામમાં ઘણા સંગઠનો મેદાનમાં આવી ગયા છે. મુખ્યમંત્રી ગોગોઈએ ચેતવણી આપી છે કે હિંસા ઉપર ઉતરેલા તત્ત્વો સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યની વિભાજનની શક્યતાને સાફ શબ્દોમાં નકારી કાઢવામાં આવી છે. ગોગોઈનું કહેવું છે કે આસામના વિભાજનના કોઈ પ્રશ્ન નથી. તેમનું કહેવું છે કે અમે સંયુક્ત પરિવારની જેમ રહીએ છીએ. તાજેતરમાં જ અલગ તેલંગાણા રાજ્યની રચના કરવાનો યુપીએ સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યા બાદ હવે આસામમાં પણ કેટલાક સંગઠન દ્વારા આ પ્રકારની માંગ શરૂ કરી દેવામાં આવી છે. અલગ રાજ્યની માંગણીને લઈને આસામમાં હિંસાના બનાવો અને આંદોલનને લઈને રાજ્ય સરકારનું વલણ કેવું છે તે અંગે પૂછવામાં આવતા ગોગોઈએ કહ્યું હતું કે સરકાર સંયુક્ત આસામમાં વિશ્વાસ રાખે છે.

કારબીએંગલોગ અને બોડોલેન્ડની માંગણીને લઈને કેટલાક સંગઠનોએ આંદોલનને તીવ્ર બનાવી દઈને ભારે હિંસા ફેલાવી છે. બંધના લીધે પણ જનજીવન ખોરવાઈ ગયું છે. આગ અને લૂંટફાટના બનાવો બન્યા છે. ટ્રેનોના ટ્રેકને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. હાઈવે ઉપર નાકાબંધી કરવામાં આવી રહી છે. આસામ અને કેન્દ્ર સરકાર સમસ્યાને ઉકેલવા માટે પ્રયાસ કરી રહી છે. તરુણ ગોગોઈએ આસામમાં ઊભી થયેલી સ્થિતિ અંગે વડાપ્રધાન મનમોહનસિંહ, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને ઉપપ્રમુખ રાહુલ ગાંધીને માહિતી આપી છે.

એરટેલ સપ્ટેમ્બર સુધી ૪જી સર્વિસ લોન્ચ કરશે

નવી દિલ્લી,તા. ૪

હાઈસ્પીડ ઈન્ટરનેટ સર્વિસને વધુ વિસ્તૃત બનાવીને ભારતીય એરટેલ સપ્ટેમ્બર સુધી દિલ્લીમાં ૪-જી સર્વિસ શરૂ કરવાની યોજના ધરાવે છે. દેશમાં આકર્ષક ડેટા માર્કેટ પૈકીના એક તરીકે દિલ્લીમાં સૌથી પહેલા આ સેવા શરૂ કરવામાં આવશે. ભારતીય એરટેલ દ્વારા કોલકાતા, બેંગલોર, પુણે અને ચંદીગઢમાં ૪-જીની સેવાની ઓફર કરવામાં આવી ચુકી છે. આના માટે ચીની સાધન બનાવતી કંપની હુવાવેઈને રોકવામાં આવી છે. દિલ્લીમાં ૪-જી નેટવર્ક સ્થાપિત કરવા માટે આ ચીની કંપનીની મદદ લેવામાં આવી હતી. ભારતીય એરટેલે તાજેતરમાં જ ૪-જી ડેટા ટેરિફમાં ૩૧ ટકા સુધીનો ઘટાડો કર્યો હતો. ડેટા ઉપયોગને વધારવા અને મહેસુલી આવકને સુધારવાના હેતુસર ૪-જી સેવા અપનાવવામાં આવી હતી. એરટેલે હાઈસ્પીડ બ્રોડબેન્ડ સર્વિસ ચાર સર્કલમાં મેળવી છે. જેમાં કોલકાતા, મહારાષ્ટ્ર, પંજાબ અને કર્ણાટકનો સમાવેશ થાય છે. આના માટે ૩૩૧૪.૩૬ કરોડની રકમ ચુકવવામાં આવી હતી.

વન-ડે બોલરોની યાદીમાં રવિન્દ્ર જાડેજા પ્રથમ ક્રમે

દુબઈ,તા. ૪

ભારતના સ્ટાર બોલર રવિન્દ્ર જાડેજાએ આજે પોતાની યશકલકીમાં વધુ એક મોર પિંછું ઉમેરી લીધું હતું. વર્ષ ૧૯૯૬માં ભારતના ભૂતપુર્વ કેપ્ટન અનિલ કુંબલેએ આ સફળતા મેળવ્યા બાદ હવે રવિન્દ્ર જાડેજા વન-ડે બોલરોની યાદીમાં પ્રથમ સ્થાન પર પહોંચી ગયો છે. આજે આઈસીસી વન-ડે ખેલાડીઓની રેન્કીંગની જાહેરાત કરવામાં આવી હતી. ઝિમ્બાબ્વેના હાલમાં જ પૂરા થયેલા પ્રવાસ દરમિયાન જાડેજાએ પાંચ વન-ડે મેચોની શ્રેણીમાં પાંચ વિકેટ ઝડપી હતી. આની સાથે જ તે પ્રથમ સ્થાને પહોંચી ગયો છે.

બોલરોની યાદીમાં રવિન્દ્ર જાડેજા પ્રથમ વખત પ્રથમ સ્થાને પહોંચ્યો છે. નવેમ્બર-ડિસેમ્બર ૧૯૯૬માં કુંબલેએ બોલરોની યાદીમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ ઉપરાંત જાડેજા બોલરોની યાદીમાં પ્રથમ સ્થાન પર પહોંચનાર એકંદરે ચોથો ભારતીય બોલર બની ગયો છે. જોકે કુંબલે બાદ તે પ્રથમ બોલર બન્યો છે. ઝિમ્બાબ્વે સામેની શ્રેણી ભારતના બોલર અમિત મિશ્રા માટે યાદગાર સાબિત થઈ છે. અમિત મિશ્રાએ ૧૮ વિકેટો આ શ્રેણીમાં ઝડપીને ૩૨માં સ્થાને પહોંચવા સફળતા મેળવી છે. ઝિમ્બાબ્વે સામેની શ્રેણી ભારતે ૫-૦થી જીતી લીધી છે. બેટિંગની વાત કરવામાં આવે તો વિરાટ કોહલી અને ધોનીએ પોતાનું સ્થાન ગુમાવ્યું છે. સંગાકારા બેટ્સમેનોની રેટીંગમાં પ્રથમ સ્થાને છે.

ગેંગસ્ટર અબુ સાલેમની અરજી પર આજે ચુકાદો

નવી દિલ્હી,તા. ૪

પોર્ટુગલની કોર્ટ દ્વારા તાજેતરમાં જ આપવામાં આવેલા ચુકાદા બાદ જુદા જુદા કેસોમાં તેની સામે ચાલી રહેલી ટ્રાયલને રદ કરવાની માંગ કરીને ખતરનાક ગેંગસ્ટર અબુ સાલેમ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આવતીકાલે સુપ્રીમ કોર્ટ મહત્વનો ચુકાદો આપનાર છે. આ ચુકાદાને લઈને ભારે ચર્ચા રહી છે. પોર્ટુગલની કોર્ટે નવી દિલ્હીમાં સત્તાવાળાઓ દ્વારા પ્રત્યાર્પણના નિયમોનો ભંગ કરવા બદલ ભારતમાં તેના પ્રત્યાર્પણને રદ કરવાનો આદેશ આપ્યો હતો. ચીફ જસ્ટીસ પી. સથાશિવમના નેતૃત્વમાં બેંચ દ્વારા ચુકાદો આપવામાં આવનાર છે. તેના પ્રત્યાર્પણના સમય વેળા પોર્ટુગલની સરકારને આપવામાં આવેલા વચનના અનુસંધાનમાં ટાડા અને અન્ય એક્ટ હેઠળ ૪૫ વર્ષીય સાલેમ સામે ચોક્કસ આરોપો પડતા મુકવા માટે તૈયાર છે તેવી સીબીઆઈ દ્વારા રજૂઆત કરવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટના આદેશ પર તમામની નજર રહેશે. જો અબુ સાલેમ દોષિત જાહેર થશે તો તેને મૃત્યુ દંડની સજા કરવામાં આવસે નહી અથવા તો ૨૫ વર્ષથી વધુ સમય સુધી તેને કસ્ટડીમાં રાખવામાં આવશે નહી તેવી ખાતરી પોર્ટુગલની સરકારને આપવામાં આવી હતી. એટોર્ની જનરલ જીઈ વહાણવટીએ કહ્યું હતું કે સરકાર પોર્ટુગલની કોર્ટમાં આપવામાં આવેલી તેની ખાતરીને પાળવા માટે કટિબદ્ધ છે. જેથી તે ટ્રાયલ કોર્ટ દ્વારા ઘડવામાં આવેલા વધારાના આરોપોને પડતા મુકવા માટે સુપ્રીમ કોર્ટની પરવાનગી માંગશે.

સીબીઆઈ ટાડાની કલમ પાંચ અને છ તથા એક્સપ્લોસિવ સબસ્ટેન્સ એક્ટની કલમ પાંચ હેઠળના આરોપોને પડતા મુકવા માટેની માંગ કરશે. સુપ્રીમ કોર્ટે તેની સામે ટ્રાયલને બંધ કરવાની તેની અરજીને ફગાવી દેવાના ૩૧મી જાન્યુઆરીના ટાડા કોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કર્યા બાદ ટ્રાયલ સામે સ્ટે મુક્યો હતો.

રણબીર અને દીપિકાની હાલમાં સૌથી વધુ માંગ

મુંબઈ,તા.૪

દીપિકા અને રણબીર કપૂરની જોડીની માંગ બોલિવૂડમાં હાલ સૌથી વધારે જોવા મળી રહી છે. એક સાથે રેકોર્ડ સુપર હિટ ફિલ્મ આપ્યા બાદ રણબીર અને દીપિકાની જોડીને લેવા મોટાભાગના નિર્માતા નિર્દેશકો પ્રયાસ કરી રહ્યા છે. હવે રણબીર કપૂરની ફિલ્મમાં દીપિકાને જ લેવામાં આવી છે. ઈમ્તિયાઝ અલીએ કેટરીના કૈફની જગ્યાએ દીપિકાને રણબીર કપૂરની સાથે લેવાનો નિર્ણય કર્યો છે. કેટરીના કૈફ પણ ઈમ્તિયાઝ અલીની

સાથેની આ ફિલ્મને સરળતાથી સ્વીકારી શકી હોત. કારણ કે તે પણ અગાઉ રણબીર સાથે કાર કરી ચૂકી છે. આ ઉપરાંત વાસ્તવિક લાઈફમાં પણ રણબીર સાથે કેટરીના સંબંધની ચર્ચા ફેલાયેલી છે. એવું જાણવા પણ મળ્યું છે કે તેની ફિલ્મ માટે તેનું નામ જ સૂચવવા રણબીરે કેટરીના કૈફે કહ્યું હતું પરંતુ એમ માનવામાં આવે છે કે રણબીર દીપિકા સાથે કામ કરવાને લઈને વધારે ઉત્સાહિત છે. આ જ કારણસર દીપિકાને ઈમ્તિયાઝે ફિલ્મમાં લેવાનો આગ્રહ કર્યો ત્યારે રણબીરે કોઈ વાંધો ઉઠાવ્યો ન હતો. દીપિકા અને રણબીરની જોડી વધુ કેટલીક ફિલ્મોમાં પણ આવનાર દિવસોમાં ચમકી શકે છે. કારણ કે આ બંનેની જોડી હાલમાં જ એક હિટ ફિલ્મ આપી ચૂકી છે. યે જવાની હૈ દિવાની ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર ઉલ્લેખનીય સફળતા મેળવી શકે છે. આ ફિલ્મ વર્ષની સૌથી હિટ ફિલ્મ રહી ચૂકી છે. અને અનેક સફળ ફિલ્મોના રેકોર્